Vol. 9, Issue: 7, July: 2021
(IJRSML) ISSN: 2321 - 2853

# નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ -2020 અંગે માધ્યમિક શાળાના શિક્ષકોના અભિપ્રાયોનો અભ્યાસ

પ્રો. જયશ્રીબેન યુ. કાનાણી
શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી.એડ.કૉલેજ,પાંડેસરા, સુરત.

**સારાંશ**

નરેન્દ્ર મોદીના જણાવ્યા અનુસાર, "આજ સુધીની, આપણે અમારી શિક્ષણ નીતિમાં **'શું વિચારવું'** પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છીએ. NEP માં આપણે **'કેવી રીતે વિચારવું'** પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છીએ. હાલના પેપરમાં શિક્ષણ નીતિ અંગે માધ્યમિક શાળાના શિક્ષકોના અભિપ્રાયો અંગે ચર્ચા કરવામાં આવી હતી. ટીચર એજ્યુકેશનમાં NEP-2020 દ્વારા ટીકાત્મક સૂચનો, NEP-2020 દ્વારા સૂચવેલ નવીનતાઓ., તે માટે તપાસકર્તાએ વ્યવસ્થિત રીતે અભ્યાસ કરવાના ઉદ્દેશ્યોની રચના કરી સંશોધન વિશ્લેષણ કરવામાં આવ્યું હતું અને તપાસકર્તાને ખબર પડી કે NEP-2020 એ સામાન્ય રીતે શિક્ષણ અને ખાસ કરીને શિક્ષક શિક્ષણ માટે નવી નીતિ છે. શિક્ષણમાં પરિવર્તનની પ્રક્રિયા શૈક્ષણિક વર્ષ 2021-22થી શરૂ થવા જઈ રહી છે અને વર્ષ 2030 સુધી ચાલુ રહેશે જ્યાં પરિવર્તન દેખાશે તેવી અપેક્ષા છે.

---

**સંબંધિત શબ્દો :** NEP -2020, માધ્યમિક શાળા, શિક્ષકો

---

## ૧. પ્રસ્તાવના

ભારતીય જીવન,સંસ્કૃતિ અને શિક્ષણ સિંધુ ખીણની સંસ્કૃતિની દેન છે. ભારત દેશએ સમગ્ર વિશ્વમાં અનેકતામાં એક રંગનું સૂચક છે. સિંધુ ખીણની સંસ્કૃતિના ઊંડાણમાં સામાજિક સરસ્તા વિધ્યમાન છે. પરાવિદ્યા અને અપરાવિદ્યાની સંક્રાંતિમાં જે શિક્ષણ વ્યવસ્થાનો વ્યાપ સૃષ્ટિના દરેક ખૂણે ખૂણે વ્યાપેલો હતો. તે સમયે ભારતીય વિચારધારામાં પ્રકટ દૈદિપ્યમાન જ્ઞાનપુંજને શૂન્યમાં ભેળવી દેવાના પ્રયત્નોનો ઈતિહાસ સહુની દ્રષ્ટિમાં ગોચર છે. ભારતીય સંસ્કારોથી પલ્લવિત શિક્ષણ વ્યવસ્થાને અંગ્રેજોની ગુલામી દરમ્યાન નાબૂદ કરી દેવામાં આવી અને અંગ્રેજી શિક્ષણની આભામાં આપણી શિક્ષણની સંસ્કૃતિ વ્યાપ્ત હોવાનો પ્રબળ અહેસાસ આપણે સહુ અનુભવી રહ્યા છીએ. તેના મૂળમાં પણ આપણી સંસ્કૃતિની ધરોહર "ચારેય દિશામાં વ્યાપ્ત ઉન્નત" ને સમાવવાનો ગુણ જ નિહિત છે. તેમ મારૂ સ્પષ્ટ માનવું છે.
સ્વતંત્ર ભારતના ઈતિહાસમાં હાતાહત થયેલ શિક્ષણ પરંપરાને ભારતીય સંસ્કૃતિ અને સામાજિક રીતિમાં ઢાળવા માટેના સરકારના પ્રયત્નો કેટલા અંશે ઉજાગર થયા છે. તે સર્વોવિદિન છે. પરંતુ "રાષ્ટ્રીય શિક્ષણ નીતિ -2020" વૈશ્વિક પરિપ્રેક્ષ્યમાં, સૃષ્ટિમાં વ્યાપ્ત શિક્ષણ, કેળવણી અને તાલીમના સાયુજ્યમાં ભાવિ શિક્ષણને દોરી જવાનો પ્રયત્ન છે.તે નિર્વિવાદ છે.

માનવી સક્ષમ બને, સમાન અને ન્યાયી સમાજનો વિકાસ થાય અને રાષ્ટ્રીય વિકાસને પ્રોત્સાહન મળે તે માટે શિક્ષણએ રાજ્યની મૂળભૂત જરૂરિયાત છે.સાતત્યપૂર્ણ વિકાસ લક્ષ્યાંકો 2030 (સંયુકત રાષ્ટ્રો) ના લક્ષ્યાંક ક્રમાંક 4 માં પ્રતિબિંબિત અને ભારત દ્વારા 2015માં અપનાવાયેલ વૈશ્વિક શૈક્ષણિક વિકાસ કાર્યસૂચિ આ પ્રમાણે ની છે.- 'વર્ષ 2030 સુધીમાં

વિશ્વના બધા જ લોકોને સમાવિષ્ટ અને સમાન ગુણવત્તાયુક્ત શિક્ષણ ઉપલબ્ધ કરાવવું અને જીવનપર્યંત અધ્યયન માટેની તકોને પ્રોત્સાહન આપવું'

**૨. સંશોધન શીર્ષક**

નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ -2020 અંગે માધ્યમિક શાળાના શિક્ષકોના અભિપ્રાયોનો અભ્યાસ

**૩. અભ્યાસનું ક્ષેત્ર**

અભ્યાસનું ક્ષેત્ર નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ -2020 છે.

**૪. સંશોધનના હેતુઓ**

૧. નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ -2020 અંગે માધ્યમિક શાળાના શિક્ષકોના અભિપ્રાયોનો અભ્યાસ કરવો.

**૫. અભ્યાસનું સીમાંકન**

૧. પ્રસ્તુત અભ્યાસ સુરત શહેરના કામરેજ વિસ્તાર પૂરતો જ મર્યાદિત છે.
૨. પ્રસ્તુત અભ્યાસ કામરેજ વિસ્તારની ગુજરાતી માધ્યમની માધ્યમિક શાળા પૂરતું જ સીમિત છે.
૩. પ્રસ્તુત અભ્યાસ કામરેજ વિસ્તારના માધ્યમિક શાળાના શિક્ષકો પૂરતું જ મર્યાદિત છે.

**૬. વ્યાપવિશ્વ અને નમૂના પસંદગી**

નમૂના પસંદગી એ સંશોધન માટે અગત્યની બાબત ગણવામાં આવે છે પ્રસ્તુત અભ્યાસમાં વ્યાપવિશ્વ તરીકે સુરત જિલ્લાના કામરેજ વિસ્તારની માધ્યમિક શાળાઓનો સમાવેશ કરેલ છે. જેમાંથી સંશોધકે નમૂના માટે કામરેજ વિસ્તારની 5 શાળાના 50 શિક્ષકોને નમૂના તરીકે પસંદ કરવામાં આવ્યા છે.

**૭. સંશોધન પધ્ધતિ**

પ્રસ્તુત સંશોધન સર્વે પ્રકારનું હોવાથી સંશોધકે સર્વેક્ષણ પધ્ધતિ અનુસાર અભ્યાસ હાથ ધરેલ છે.

**૮. માહિતી એકત્રીકરણનું સાધન**

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે શિક્ષકોના નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ -2020 અંતર્ગત અભિપ્રાયો જાણવા માટે સ્વરચિત અભિપ્રાયવલીની રચના કરી હતી. તેમાં 'સમંત', 'અસમંત' અને 'તટસ્થ' પ્રકારના 25 વિધાનોનો સમાવેશ કરેલ હતો.

**૯. માહિતી એકત્રીકરણ પ્રવિધિ**

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે શાળાના આચાર્યો પાસેથી શિક્ષકોના નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ -2020 અંગે અભિપ્રાયો લેવા માટે મંજૂરી પત્રક પર જરૂરી સહી – સિક્કા કરાવી પરવાનગી લીધા બાદ શિક્ષકો પાસેથી અભિપ્રાયવલીમાં માહિતી ભરવા માટે આપવામાં આવી હતી.ત્યાર બાદ મળેલ અભિપ્રાયોનું પૃથક્કરણ અને અર્થઘટન કરવામાં આવ્યું હતું.

**૧૦. માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન**

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે મળેલ માહિતીનું પૃથક્કરણ કરવા માટે કાઈ- વર્ગ કસોટીનો ઉપયોગ કર્યો હતો.

**૧૧. તારણો**

- નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિએ આધુનિક શિક્ષણની પ્રેરણા પૂરી પાડે છે.
- નવીન ટેકનૉલોજિના ઉપયોગ માટે ઉપયોગી સાબિત થાય છે.
- પ્રત્યેક વર્ષની પદવીના કારણે વધુ બાળકો ભણતા થશે.
- શિક્ષક નવીનતમ બાબતોથી જાગૃત થશે.
- બાળકો પોતાની માતૃભાષામાં શિક્ષણ મેળવીને પોતાની માતૃભાષામાં પ્રભુત્વ મેળવી શકશે
- વિદ્યાર્થીઓને પોતાના રસના વિષયોમાં જાણવાનું અને શીખવાનું મળશે.
- 2030 સુધીમાં આ નીતિ સંપૂર્ણ સક્ષમ અને સંકલિત બનશે.
- SWAYAM /DIKSHA જેવા તકનીકી મંચના ઉપયોગથી શિક્ષકોના ઓનલાઈન તાલીમ સફળ બનાવી શકાશે.

**સંદર્ભ સૂચિ**

૧. માનવ સંસાધન વિકાસ મંત્રાલય (2020). રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020 ગાંધીનગર : ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાન.

૨. શાહ, ડી.બી. (2004). શૈક્ષણિક સંશોધન. (બીજી આવૃતિ). અમદાવાદ: ગ્રંથ નિર્માણ બોર્ડ.

૩. https://www.policeresults.com/new-education-policy/